# પૂનમે શામળાજી મંદિરમાં ભગવાન કાળિયા ઠાકોરને ભક્તોએ રાખડી અર્પણ કરી



મોડાસા, તા. ૩

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિરમાં દર પૂનમે મોટી સંખ્યામાં શામળિયા ભગવાનના દર્શનાર્થે ઉમટે છે પવિત્ર શ્રાવણ મહિનાનું અને શ્રાવણી પૂનમનું હિન્દૂ ધર્મમાં અનેરૂ મહત્વ હોવાથી નારિયેળી પૂનમે વહેલી સવાર થી ભક્તોનું ઘોડાપુર કાળીયાદેવ ના દર્શનાર્થે ઉમટ્યું હતું મોડી રાત્રી સુધી ભક્તોનો ધસારો યથાવત રહ્યો હતો મંદિર ટ્રસ્ટ દ્વારા કોરોના સંક્રમણ ફેલાય નહિ તે માટે સરકારી ગાઈડલાઈન પ્રમાણે ભક્તોને દર્શન શાંતિપૂર્વક થાય અને અગવડ ના પડે તેની તકેદારી લીધી હતી શ્રાવણી પૂનમ લઈને શામળાજીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો શામળાજી મંદિરમાં રક્ષાબંધન પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી ભક્તોએ ભગવાન શામળીયાને વિવિધ પ્રકારની અવનવી રાખડી અર્પણ કરી જગતના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી

# હિંમતનગર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની બેઠક મળી




પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ની બેઠક યોજાઇ હતી જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ સંકલ્પો લીધા હતાં . હિંમતનગર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાબરકાંઠા-અરવલ્લીકાર્યકરો ની બેઠક મળી હતી જેમાં વિવિધ ચર્ચાઓની સાથે સંકલ્પ પણ લેવામાં આવ્યા હતાં જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૧૧,૧૧૧ છોડ નું વુક્ષા રોપણ કરવાનો મજબૂત સંકલ્પ કરવામાં આવ્યો હતો તો જિલ્લા લેવલે તથા તાલુકા લેવલે સંગઠન ની રચના કરવા તથા કન્યા કેળવણી અને વીમા સુરક્ષા કવચ વિષે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી ત્યારે કોરોનાની મહામારી અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી અને સરકારના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેન ઉર્વેશભાઇ પટેલ , મહા મંત્રી સંજયભાઈ ડી. પટેલ પોગલુ વાળા , કો.ચેરમેન સંજય ભાઈ પટેલ પ્રાંતિજ વાળા તથા કે.સી.પટેલ , ખજાનચી મુકેશભાઇ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# જૈન પેગામ ફાઉન્ડેશન દ્વારા બાયડના યુવાનની નિમણૂક કરાઈ



બાયડ, તા. ૩

બાયડ નગર ના રહીશ અને પૂર્વ યુવા ભાજપ ના કાર્યકર અને સમાજ માટે સામાજિક રીતે હંમેશા આગળ રહેનાર મોહીનખાન બલોચ ની ઈન્ટરનેશનલ જૈન પેગામ ફાઉન્ડેશનમાં ગુજરાત રાજ્ય ના અધ્યક્ષ રિયાજ શેખ દ્વારા તેમના પર વિશ્વાસ મૂકી મોહીનખાન બલોચને ગુજરાત રાજય ના ઉપપ્રમુખ તરીકે નિમણુક કરતા સમગ્ર બાયડ મુસ્લિમ સમાજ માં હર્ષ ની લાગણી ફેલાઈ હતી તેમની નિમણૂક થતા સમાજના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# બાયડમાં બપોર પછી વરસાદી ઝાપટુ પડતા ખેતીના પાકને જીવતદાન મળ્યું

બાયડ, તા. ૩

બાયડમાં બપોર પછીઅચાનકજ પલટો આવતા વરસાદી ઝાપટુ પડ્યું હતું. ભારે ઉકળાટ ને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. બાયડમાં વરસાદના અભાવે ખેડૂતોએ મગફળી કપાસના પાકોમાં ડ્રીપ પદ્ધતિથી પાણી ચાલુ કરી દીધો હતા.બપોર બાદ અચાનક વરસાદ પડતા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માં પણ ખુશી જોવા મળી હતી. વરસાદ પડતા ખેડૂતો ખેતી કામમાં જોડાયા હતા.



# ધનસુરાના પંચકુહાડા ગામે ઘરમાં ધમધમતા જુગારધામ પર ત્રાટકી ૧૭ શકુનિઓને ૩.૯૨ લાખના મુદ્દામાલ સાથે દબોચ્યા

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં શ્રાવણીયા જુગારની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે જીલ્લા પોલીસ જુગારની પ્રવૃતિ અટકાવવા માટે દોડી રહી છે ત્યારે અરવલ્લી એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન પી.આઈ આર.કે.પરમારને બાતમી મળી હતી કે ધનસુરાના પંચકુહાડા ગામના જશું મંગળભાઈ પરમારના ઘરમાં ઈકો કારમાં બહારથી જુગારીઓ લાવી જુગાર રમાડી રહ્યો છે બાતમીના આધારે પંચકુહાડા ગામે એલસીબીની ટીમે ત્રાટકી જશું પરમારના ઘરેથી જુગાર રમતા અરવલ્લી-સાબરકાંઠાના ૧૭ જુગારીઓને ૫૧ હજારની રોકડ સાથે દબોચી લીધા હતા એલસીબીની રેડથી જુગારીઓના મોતિયા મરી ગયા હતા ધનસુરા નજીક ધમધમતું જુગારધામ ઝડપાતા ધનસુરા પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે

ધનસુરા પોલીસની આંખ નીચે પાંચ કુહાડા ગામે ઘરમાં બહારથી ઈકો કારમાં જુગારીઓ લાવી જુગાર રમાડતો હોવાની બાતમી એલસીબી પોલીસને મળતા ધનસુરા પોલીસને અંધારામાં રાખી એલસીબી પીઆઈ આર.કે.પરમાર તેમની



ટીમ સાથે રેડ કરી જશું મંગળભાઈ પરમાર નામના શખ્શના ઘરેથી ૧)રઝાક સાદીકભાઈ પટેલ,૨)અબ્દુલ ઈસ્માઈલભાઈ પટેલ,૩) રફીક ઈસ્માઈલભાઈ પટેલ,૪)સિરાજ ઈશાકભાઈ બાકરોલીયા ,૫)રહીમ ઉર્ફે ભીખાભાઈ અબ્દુલભાઈ બાકરોલીયા (તમામ,રહે મેઘરજ ) ,૬)દાઉદ ઉસ્માનભાઈ શેખ,૭)કાદરમિયાં મહેમુદમિયાં શેખ,૮)હાજીમિયાં ઉસ્માનમીયા શેખ,૯)જાફર અહેમદભાઈ શેખ,૧૦)ગોપાલસિંહ કેશુસિંહ સોલંકી,૧૧) સંજય હરજીવનદાસ શાહ, (તમામ,રહે. હિંમતનગર),૧૨) ચિરાગ ભરતભાઈ દેસાઈ (વાણીયા), ૧૩) ભાગવત ચીમનભાઈ બ્રહ્મભટ્ટ (બંને,રહે પ્રાંતિજ),૧૪)અમરત બેચરભાઈ પટેલ (રહે, મણીપુરા - વિજાપુર),૧૫) રાજેશ બચુભાઈ મીર (વિજાપુર),૧૬) ઈસ્માઈલ યાકુબભાઈ ઈપ્રોલીયા( રહે,મોડાસા) અને દિલાવરખાન અહેમદખાન પઠાણ (રહે, હરસોલ)ને જુગાર રમી અને રમાડતા ઝડપી પાડી જુગારીઓએ દાવ પર લગાવેલા રૂ.૫૧૦૦૦/-તથા મોબાઈલ નંગ-૧૬ કીં.રૂ.૪૧૦૦૦/-, ઈકો કાર અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૩૯૨૦૦૦/- નો મુદ્દમાલ જપ્ત કરી ૧૭ શકુનિઓ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ખેડબ્રહ્મા પાલિકાના માજી પ્રમુખને કોરોના પોઝીટીવ

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર રોડ ઉપર વસવાટ કરતા ૬૫ વર્ષીય કરીયાણાના વેપારી અને નગર પાલિકાના માજી પ્રમુખને બે દિવસ પહેલા શરદી ઉધરની તકલીફ હતી જેથી સારવાર માટે ઈડર ખાનગી હોસ્પીટલ લઈને ગયા હતા જ્યા ડોક્ટર ધ્વારા કોરોના રિપોર્ટ કરવાનું જણાવતા ખાનગી લેબોરેટરીમાં કોરોનાનો રિપોર્ટ કરાવવા મા આવ્યો હતો જેનો રવિવાર સવારે પોઝીટીવ રિપોર્ટ આવતા પરિવારે આરોગ્ય વિભાગમાં જાણ કરતા આરોગ્ય વિભાગ ધ્વારા તેમને હિમતનગર ખસેડવામાં આવ્યા હતા અને તેમના પરિવારના લોકોને હોમ કોરાંન્ટાઈન કરી આરોગ્ય વિભાગ ધ્વારા તે વિસ્તસરને કન્ટેનમેન્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# તલોદ પાલિકાના નવા પ્રમુખ પદ માટે હોદ્દેદારોની ભાગદોડથી રાજકિય ગરમાવો

તલોદ, તા. ૩

તલોદ પાલિકામાં પ્રમુખ પદ માટેની હોદ્દા મુદત પૂર્ણ થવાના આરે હોવાથી નવા પ્રમુખ પદ માટે ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો પોત પોતાની દાવેદારી કરવાની ચહલપહલથી પાલિકાની રાજનીતિમાં ગરમાવો જોવા મળ્યો છે. બન્ને પક્ષોમાં સરખાપણુ હોવાથી નજીવા વિશ્વાસ કેળવવા માટે પક્ષાપલ્ટુ અને મોટી લાલચની ઓફરો થતી હોવાનુ જાણવા મળ્યુ છે.

તલોદના વર્તમાન પાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકી તા. ૨૫-૮-૨૦ના રોજ હોદ્દો પૂર્ણ થતો હોવાથી બાકીના અઢી વર્ષ માટે સ્ત્રી સીટ હોવાથી પાલિકાના પ્રમુખ માટે ૩૧-૮-૨૦ સુધી વિશ્વાસ પ્રાપ્ત કરવા દાવેદારોની ખૂલ્લેઆમ ભાગદોટથી પાલિકામાં રાજકિય ગરમાવો જોવા મળ્યો છે. બન્ને પક્ષોને વિશ્વાસ મેળવવા માટે હાલમાં એક સભ્ય પોતાની તરફેણમાં કરવા માટે વિજયી પ્રમુખપદ શામ દામ દંડની નીતિ અપનાવાઈ રહી છે. કોંગ્રેસ અને ભાજપમાંથી કેટલાક કાઉન્સીલરો અંદરખાને એક બીજાને ખો આપતા હોવાથી સ્પષ્ટ બહુમતી મેળવવા બન્ને પક્ષોમાં સમજાવટની દોર ચાલી રહી હોવાનું પણ બહાર આવ્યું છે.

તલોદના રાજકારણમાં વારસાગત આવતા કાઉન્સીલરો પક્ષ છોડવા કે ભવિષ્યમાં ચૂંટણી નહી લડવાના મૂડથી આ વખતના પ્રમુખ પદ માટે છેલ્લી તક માંગી રહ્યા હોવાનું પણ જાણવા મળ્યુ છે. જેમાં મોટી ઓફરોથી કાઉન્સીલરોને લાલચ આપી પોતાની તરફેણ તરફ બન્ને પક્ષોમાં ખેંચતાણ ઉભી થઈ છે. આમ કરવામાં અસફળતા મળશે તો વહિવટદાર દ્વારા પાલિકાનુ નવુ સર્જન થવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# અરવલ્લીમાં મહિલા સ્વાવલંબન દિનની ઉજવણી કરાઇ

મોડાસા, તા. ૩

'મહિલા સશક્તિકરણ પખવાડિયુ'' અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસ ના રોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લી, જિલ્લા ઉધોગ કેન્દ્ર અરવલ્લી અને મહિલા શક્તિ કેન્દ્ર અરવલ્લી ના સંયુકત ઉપક્રમે સરકારશ્રીની વિવિધ સ્વરોજગારલક્ષી યોજનાઓની જાણકારી વેબિનાર દ્વારા પુરી પાડાવામા આવેલ તેમજ સરકારના ઓનલાઈન કાર્યક્રમમા જિલ્લાની મોટા ભાગની બહેનોએ YouTube, facebook અને TVના માધ્યમથી કાર્યક્રમમાં



ભાગ લીધો. જેમા મહિલા અને બાળ.અધિકારીશ્રી દિપેનભાઈ પંડયાં દ્વારા વેબિનાર નુ આયોજન કરવામા આવેલ જેમા છ તાલુકાના vmk કેન્દ્રો. MSK, PBSC, OSC, ૧૮૧ અભય, જેવી સસ્થાઓ મોટી સંખ્યામા બહેનો ને ભાગ લેવડાવી તેઓ પગભર થઈ શકે તે માટે યોજનાકીય માહિતિ આપી.

# દુષ્કર્મનો ભોગ બનેલી હિંમતનગરની સગીરાનો ગર્ભપાત કરવા કોર્ટે મંજુરી આપી

**સગીરાની કુખમાં અંદાજે ૨૦ અઠવાડીયાનો ગર્ભ હોવાનુ અનુમાન : પોક્સો કોર્ટના ન્યાયાધીશે સગીરા પર જોખમ ન આવે તેની તકેદારી રાખી**

હિંમતનગર, તા. ૩

હિંમતનગરના કાટવાડ રોડ પર રહેતી એક ૧૪ વર્ષની સગીરાનું છ માસ અગાઉ ગીરધરનગરમાં રહેતા એક શખ્સે વાલીપણામાંથી ભગાડી જઈ સગીરાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવી દીધી હતી. જે અંગે તેણીના વાલીવારસોને જાણ થયા બાદ ગીરધરનગરના આ શખ્સ વિરૂદ્ધ થોડા દિવસ અગાઉ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી. દરમિયાન સગીરાના વાલીવારસોએ પોતાની દિકરીના ઉજ્જવળ ભાવી માટે તથા સમાજમાં કલંકરૂપ ન બને તે આશયથી હિંમતનગરની પોક્સો કોર્ટમાં ગર્ભપાત કરાવવાની મંજૂરી માંગી હતી. જેથી ન્યાયાધીશે તમામ પાસાઓને ધ્યાને રાખી આ સગીરાનું જીવન જોખમાય નહીં તેની તકેદારી રાખી હિંમતનગર સિવિલમાં ગર્ભપાત કરાવવાની મંજુરી આપી છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છ માસ અગાઉ હિંમતનગરના કાટવાડ રોડ પર રહેતા શ્રમજીવી પરીવારની એક સગીરાનું ગીરધરનગરમાં રહેતા દશરથ ઉર્ફે અક્ષય રત્નાજી ભીલ લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો અને સગીરાની મરજી વિરૂદ્ધ વારંવાર દુષ્કર્મ કરીને આ સગીરાને ગર્ભવતી બનાવી દીધી હતી અને આ શખ્સે સગીરાને દહેગામ ખાતે રહેવાની સગવડ કરી આપી હતી જે અંગે સગીરાના વાલીવારસોને ખબર પડતા ગર્ભવતી બનેલી આ સગીરાને હિંમતનગર લાવી ગીરધરનગરના શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ફરીયાદ દાખલ કરાવી હતી.

દરમિયાન સગીરાના ભાવિની ચિંતા કરીને વાલીવારસોએ નાની ઉંમર હોવાર્થી ગર્ભપાત કરાવવાનું મુનાસીબ માનીને હિંમતનગરની પોક્સો કોર્ટમાં વકીલ હિરેનભાઈ ત્રિવેદી મારફતે ગર્ભપાત કરાવવાની મંજુરી માંગી હતી જેના માટે આ વકીલે મફત કાનુની સલાહ આપી પોક્સો કોર્ટમાં પુરાવા સાથે અપીલ કરી હતી. જે અંગે પોક્સો કોર્ટના ન્યાયાધીશ એઝાઝ શેખે સરકારી વકીલ અરવિંદભાઈ પટેલ અને હિરેન ત્રિવેદી દ્વારા રજુ કરાયેલા પુરાવા માન્ય રાખીને આ સગીરાને હિંમતનગર સિવિલમાં ગર્ભપાત કરાવવાની મંજુરી આપતો આદેશ કર્યો છે.

# પ્રાંતિજમાં એક સમાજના બે જુથો વચ્ચે બોલાચાલી બાદ જુથ અથડામણ

**પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે જઈ મામલો થાળે પાડયો : સામસામે પોલીસ ફરિયાદ થઈ : પોલીસે કુલ ૨૫ વિરુદ્ધ જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેર નામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ગુનોનોધી આગળની તપાસ હાથધરી**








પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં રાત્રીના સમયે હોર્ન વગાડવાને લઈને મુસ્લિમ સમાજ ના બે જુથો વચ્ચે સામ-સામે બોલાચાલી બાદ મામલો બિચકાતા પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે જઈ મામલો થાળે પાડયો હતો તો સામસામે ફરીયાદ થતા પ્રાંતિજ પોલીસે બન્ને પક્ષે કુલ- ૨૫ વિરૂદધ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથધરી છે .

પ્રાંતિજ ખાતે મોડી સાંજે એકજ સમાજના બે જુથો વચ્ચે હોર્ન વગાડવાને લઈને બે જુથો સામસામે બોલાચાલી બાદ મારમારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ઘર સળગાવી દેવાની ધમકી આપી જાહેરમાં લાકડી વડે હુમલો કરી બન્ને પક્ષે એક સપ થઈ મંડળીઓ રચી જાહેરમાં જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કર્યો હતો તો મુસ્લિમ સમાજ ના એકજ કોમના બે જુથો વચ્ચે બોલાચાલી ને લઈને પ્રાંતિજ પીઆઇ પી.એલ.વાઘેલા ને ઘટના ની જાણ થતા પ્રાંતિજ પોલીસ કાફલા સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઇ મામલો થાળે પાડયો હતો તો બન્ને પક્ષે સામસામે ફરીયાદ નોધાઈ હતી જેમાં ફરીયાદી મોહમંદ અદનાન અબ્દુલ વ્હોરા ઉ.વર્ષ-૨૪ રહે વ્હોરવાડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ૧૨ વિરૂદધ પોલીસ ફરીયાદ કરી હતી જેમાં (૧) મહારૂપ શેખ નો નાનો ભાઈ જેનું નામ ખબર નથી (૨) અમ્માર શેખ નો ભાઇ (૩)અમ્માર શેખ (૪) મહારૂપ શેખ (૫) મુન્નાભાઈ રીક્ષાવાળા (૬) ઈકબાલભાઈ ડ્રાઈવર (૭) યુનુસભાઇ જે તમામે તમામ રહે પઠાણ વાડા તથા બીજા પાંચેક અજાણ્યા ઈસમો જેઓના નામ સરનામા ખબર નથી એમ ૧૨ વિરૂદધ ફરીયાદ થઈ હતી તો સામે પક્ષે પણ ફરીયાદી મુનાફમીયા ઉર્ફે મુન્નાભાઈ મહેબુબમીયાં શેખ રહે. શેખવાડા દ્વારા ૧૩ વિરૂદધ ફરીયાદ કરી હતી જેમાં (૧) અસ્લમભાઈ લાકડાવાલા (૨) સઈદભાઈ ભાણાવાલા (૩) સફીભાઈ ઉર્ફે ગેરેજવાલા (૪)સજ્જાદ ચોખાવાલા (૫) અદનાન વોટસેપ સ્ટોર વાળા (૬) વાહીદ ભાઈ કટલરી વાળા (૭) નિજામ જાખુવાળા (૮) શાહરૂખ ભાઈ સુરતી તમામ રહે.વ્હોરવાડ તથા અન્ય પાંચેક માણસો મળી કુલ ૧૩ વિરૂદધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઈ હતી તો પ્રાંતિજ પોલીસેબન્નેપક્ષેથઈ ને કુલ-૨૫ બન્ન પક્ષે આઈપીસી કલમ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, (૨) ૧૮૮તથા જી.પી.એકટ ક.૧૩૫ મુજબ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી હતી જેમાં રાત્રી દરમ્યાન કેટલાક ની અટકાયત કરી હતી તો આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.જે.ચાવડા દ્વારા હાથધરવામા આવી છે .